# ABSTRACT

| | |
|---|---|
| વિદ્યાર્થીનું નામ - | મીના પરમાર |
| કોર્સનું નામ - | એમ.એ. |
| વર્ષ - | ૨૦૨૩ |
| શીર્ષક - | સંસ્કૃત સાહિત્યમાં મળી આવતા જન્મપ્રાક સંસ્કારોનો પૃથક્કરણાત્મક અભ્યાસ |
| માર્ગદર્શકનું નામ - | ડો.જય ઓઝા |

આપણા શાસ્ત્રોમાં ભિન્ન ભિન્ન જગ્યાએ અલગ અલગ રીતે કહેવાઈ છે. આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે ઉત્તમ સંતતિના નિર્માણ માટે જન્મપ્રાક્ સંસ્કારો ખૂબ મહત્વ ધરાવે છે. ઉત્તમ સંતતિના નિર્માણ માટે પતિ-પત્નીએ મનોશારીરિક અને આધ્યાત્મિક રીતે ઉન્નત થવું આવશ્યક છે.

સોળ સંસ્કારો એ મનુષ્યને ઘડવાના સોળ કળામય ઉપાયો છે. સોળ સંસ્કારોનો પાયો માનસ અને ભાવનાના પરિશીલન પર રચાયો છે.ગર્ભસ્થ સંતાન જેમ માતાના ભૌતિક ખોરાકમાંથી શક્તિ મેળવી પોતાનું ભૌતિક શરીર બનાવે છે તેમ પોતાની આધ્યાત્મિક શક્તિઓ પણ માતાપિતા અને આસપાસના વાતાવરણમાંથી જ મેળવે છે.આથી માતાપિતા એ મનોશારીરિક અને આધ્યાત્મિક રીતે ઉન્નત થઈને સંતાનને જેવુ બનાવવું હોય તેવું બનાવી શકે છે.

સંસ્કારોના અંગભૂત એવા વિધિવિધાન, કર્મકાંડો, રિવાજો, પ્રથાઓ વગેરે સાર્વત્રિક છે અને વિશ્વના વિવિધ દેશોમાં જોવા મળે છે. પ્રાચીન સંસ્કૃતિઓમાં અને આધુનિક ધર્મોમાં પણ તે પ્રતિનિધિત્વ ધરાવે છે. સંસ્કારોના ઐતિહાસિક વિકાસને સમજવા માટે શાસ્ત્રોમાં પ્રચલિત સંસ્કારો તથા વિધિવિધાનો સાથે તુલનાત્મક અધ્યયન જરૂરી છે. એ કાર્ય અહીં કરવામાં આવ્યું છે.

ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ અને આ ઉપરાંત ગર્ભોપનિષદ, સ્મૃતિ, ધર્મસૂત્રો આયુર્વેદત્રયી એટલે કે (ચરકસંહિતા. સુશ્રુતસંહિતા અને અષ્ટાંગહૃદય) વગેરે ગ્રંથોમાં ઝીણવટભરી બાબતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક સ્મૃતિ અને ગૌતમ ધર્મસૂત્રમાં ઉપરોક્ત સંસ્કારની જે વાતો કહેવામાં આવી હોય, તે ઋગ્વેદ સૂક્ત, પારસ્કર ગૃહ્યસૂત્રમાં કે પછી ગર્ભોપનિષદમાં જરા જુદી પણ મૂળ તત્વને પોષતી વાતો આલેખવામાં આવી છે.